# આસ્થા ધામ : મહી કાંઠે નિર્મિત કુંતા (ડોસલી)માતા, પાંચ પાંડવ મહાદેવ મંદિર







ધુવારણ સ્થિત શ્રી ડોસલી માતાજી મંદિર મહીસાગર સંગમ તીર્થના પવિત્ર કિનારે આવેલું અતિ પ્રાચીન અને પૌરાણિક મહત્ત્વ ધરાવતું શક્તિસ્થાન છે. મંદિર પર દર્શાવાયેલી માહિતી અનુસાર આ તીર્થનો ઉલ્લેખ પુરાણોમાં થાય છે અને અહીં સ્નાન, તર્પણ તથા માતાજીના દર્શનને વિશેષ પુણ્યદાયી માનવામાં આવે છે. આ સ્થળનું વિશેષ મહત્ત્વ મહાભારતકાળની એક લોકપ્રચલિત કથા સાથે જોડાયેલું છે. કથા અનુસાર કુંતા માતાજી પાંચ પાંડવો સાથે વનવાસ દરમિયાન આ મહીસાગર સંગમ પ્રદેશમાં આવ્યા હતા. તે સમયે અહીં ઘનઘોર જંગલ અને નિર્જન દરિયાકાંઠો હતો. કુંતા માતાજીએ આ પવિત્ર સંગમસ્થળે તપશ્ચર્યા, પૂજન અને સ્નાન કરીને દેવી શક્તિની આરાધના કરી હતી. તેમની ભક્તિથી પ્રસન્ન થઈ માતાશક્તિ અહીં પ્રગટ થઈ અને પાંડવોને સંકટમાંથી રક્ષણ આપવાનો આશીર્વાદ આપ્યો હતો. ત્યારથી આ સ્થાન શક્તિસ્થાન તરીકે પ્રસિદ્ધ બન્યું અને કાળક્રમે અહીં ડોસલી માતાજીની સ્થાપના થઈ હોવાનું લોકવિશ્વાસ છે. મંદિરની માહિતી મુજબ મહીસાગર સંગમમાં સ્નાન કરવાથી પાપક્ષય થાય છે, પિતૃઓને તૃપ્તિ મળે છે અને ભક્તોની મનોકામનાઓ પૂર્ણ થાય છે એવી માન્યતા છે. અમાસ, પૂર્ણિમા, શ્રાવણ માસ તથા નવરાત્રિ દરમિયાન હજારો ભક્તો અહીં આવી માતાજીના દર્શન કરે છે. ઘણા શ્રદ્ધાળુઓ કુટુંબના સુખ-સમૃદ્ધિ, આરોગ્ય અને સંતાનકલ્યાણ માટે માતાજીના ચરણોમાં પ્રાર્થના કરે છે. દરિયાની શીતળ પવન, મહીસાગર સંગમની પવિત્રતા અને માતાજીની દિવ્ય ઉપસ્થિતિ ભક્તોના મનમાં ગાઢ ભક્તિભાવ જગાવે છે. શ્રી ડોસલી માતાજી મંદિર માત્ર ધાર્મિક સ્થાન નથી, પરંતુ કુંતા માતાજી અને પાંચ પાંડવોની સ્મૃતિ સાથે જોડાયેલી મહાભારતકાળની પરંપરા, લોકવિશ્વાસ અને ચરોતર પ્રદેશની સાંસ્કૃતિક આસ્થાનું જીવંત પ્રતિક છે. તેથી ધુવારણનું આ તીર્થસ્થાન સમગ્ર વિસ્તારમાં અતિ આદરણીય અને પુણ્યમય ધામ તરીકે વિશેષ સ્થાન ધરાવે છે.

## વિક્રમ સંવત ૧૦૩૯ની અખાત્રીજે વસાવેલા ધુવારણના સ્થાપના દિનની પરંપરાગત ઉજવણી

ધુવારણ ગામ હજારો વર્ષ જૂના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાનું જીવંત પ્રતિક છે. ઐતિહાસિક માહિતી અનુસાર વિક્રમ સંવત ૧૦૩૯ના વૈશાખ સુદ અખાત્રીજના શુભ દિવસે રોહિણી નક્ષત્રમાં દરબારશ્રી રાજકુંવર કરણસિંહજી (કુંભાજી) સિંધા ગોહિલે ધુવારણ ગામની સ્થાપના કરી હતી. ગામનો આ સ્થાપના દિવસ આજે પણ સ્થાનિક સમાજ માટે ગૌરવ અને આસ્થા રૂપ છે.

ઇતિહાસ મુજબ ભરૂચ જિલ્લાના સારોદ ગામમાંથી ગરાસનું વહેંચાણ થતાં રાજકુંવર કરણસિંહજીને ધુવારણ, ખડોધી, સાયમાં અને વાડોલું એમ ચાર ગામોનો ગરાસ પ્રાપ્ત થયો હતો. આ ચાર ગામોના ગરાસપતિ તરીકે તેમણે ધુવારણને કેન્દ્રસ્થાને રાખીને શાસન વ્યવસ્થા ઉભી કરી હતી. હાલનો વચલાપુરા વિસ્તાર તે સમયના ધુવારણ દરબારગઢ સાથે સંકળાયેલો માનવામાં આવે છે.

ગોહિલ વંશના કરણસિંહજીનું ગોત્ર ગૌતમ ઋષિ હોવાનું કહેવાય છે. વંશની કુળદેવી શ્રી હરસિદ્ધિ માતા છે, જ્યારે ધુવારણ ગામની ગ્રામદેવી શ્રી વેરાઈ (વારાહી) માતા તરીકે પૂજાય છે. ગામની ધાર્મિક પરંપરા અને સામાજિક જીવનમાં આ દેવીઓનું વિશેષ સ્થાન રહ્યું છે.

સ્થાપના દિન નિમિત્તે ગામમાં ઐતિહાસિક સ્મૃતિઓને તાજી કરવામાં આવે છે અને ગોહિલ વંશના યોગદાનને યાદ કરવામાં આવે છે. મહિસાગર કિનારે વસેલા ધુવારણની ઓળખનો સાચો આધાર તેની પ્રાચીન સ્થાપના, દરબારગઢનો ઇતિહાસ અને ગોહિલ વંશની ગૌરવશાળી પરંપરા જ છે.

### ધુવારણનું વિહંગાલોકન

**મુખ્ય મંદિરો:** ઇન્દ્ર ધુમ્મેશ્વર મહાદેવ, શ્રી સિદ્ધેશ્વર મહાદેવ, શ્રી રામજી મંદિર, ઠાકોરજી મંદિર, અંબાજી મંદિર, તોત્તઈ માતાજી મંદિર, હર્ષદ ભવાની મંદિર.

**સેવા ટ્રસ્ટ :** ઈ.સ. ૧૯૯૨માં સ્થાપિત શ્રી હર્ષદ ભવાની ક્ષત્રિય સેવા ટ્રસ્ટ ગામની અગ્રણી સામાજિક સંસ્થા છે. ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી સાર્વજનિક પુસ્તકાલય શિક્ષણ અને વાંચન સંસ્કૃતિના વિકાસમાં મહત્વનું યોગદાન આપે છે.

**ભજન મંડળી :** ગામમાં મહિલાઓની ચાર ભજન મંડળીઓ નિયમિત ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચલાવે છે.

**જિલ્લા ઉપપ્રમુખ :** ધુવારણ ગામના વતની જીલુભા સિંધા જીલ્લા પંચાયત સભ્ય તરીકે ચુંટાઈ આવ્યા બાદ ઉપપ્રમુખ તરીકે બિનહરિફ નિયુક્ત થયા છે.

**ગ્રામ પંચાયત :** ધુવારણ ગ્રામ પંચાયત સરપંચ તરીકે જીજ્ઞાસાબેન કિશોરસિંહ સિંધા જવાબદારી સંભાળે છે.ગામમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળી કાર્યરત છે, જેના ચેરમેન અશોકસિંહ સિંધા નિયુક્ત છે.

**દુધ મંડળી :** ધુવારણ ગામના વતની જીલુભા સિંધા જીલ્લા પંચાયત સભ્ય તરીકે ચુંટાઈ આવ્યા બાદ ઉપપ્રમુખ તરીકે બિનહરિફ નિયુક્ત થયા છે.

**વાવ- તળાવ :** ગામમાં પાંચ તળાવો આવેલા છે. તેમાં રત્નેશ્વર તળાવ સૌથી મોટું છે. ગામમાં એક પ્રાચીન વાવ તથા એક ઐતિહાસિક કૂવો આવેલો છે.

**તાલીમ વર્ગ :** લક્ષ્ય ગૃપ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા ના ક્લાસીસ ચલાવવામાં આવે છે જે ધુવારણ ના અશોકસિંહ સિંધા અને પ્રવિણસિંહ સિંધા દ્વારા ચલાવવામાં આવે છે જે અમો બધા જોડાયેલા છે

**અંબાજી સંઘ :** દર શ્રાવણ મહિનામાં પગપાળા સંઘ મોટા અંબાજી જવા નીકળે છે જે લગભગ ૧૫ દિવસનો હોય છે, ધુવારણ થી સો દોઢસો માય ભક્તો નીકળે છે.. સમગ્ર આયોજન નરેન્દ્રસિંહ સધરસિંહ સિંધા ની આગેવાની હેઠળ નીકળે છે.

## સમસ્યા : ખંભાતના અખાત નજીકનું ધુવારણ વિકાસથી વંચિત : ખારાશ, પાણી અને પર્યટનના પ્રશ્નો મામલે ગ્રામજનોની વ્યથિત



**પીવાના પાણી માટે અન્ય ગામો પર નિર્ભરતા, સિંચાઈ નહેરોના અભાવે ખેતીમાત્રચોમાસા પૂરતી સીમિત**

ખંભાત તાલુકાના દરિયાકાંઠે આવેલું ધુવારણ ગામ ભૌગોલિક રીતે વિશિષ્ટ હોવા છતાં મૂળભૂત સુવિધાઓના અભાવે આજે પણ મહત્વપૂર્ણ જરૂરીયાત મામલે વ્યથિત હોવાનું સ્થાનિકો સાથે થયેલી ચર્ચામાં સ્પષ્ટ જણાઈ આવે છે. ખંભાતના અખાતની નજીક સ્થિત હોવાથી ગામમાં ખારા પાણીની ગંભીર સમસ્યા વર્ષોથી યથાવત્ છે. જમીન અને ભૂગર્ભ જળમાં વધતી ખારાશને કારણે ગામલોકોને પીવાના મીઠા પાણી માટે આસપાસના અન્ય ગામો પર નિર્ભર રહેવું પડે છે.

સ્થાનિકો રહિશોએ જણાવ્યું છે કે ગામમાં પીવાલાયક મીઠા પાણીનો કુદરતી સ્ત્રોત ન હોવાને કારણે પાણી મેળવવું મુશ્કેલ બની ગયું છે. ઉનાળાની ઋતુમાં પરિસ્થિતિ વધુ ગંભીર બનતી હોય છે. મહિલાઓ અને વૃદ્ધોને પાણી માટે વારંવાર મુશ્કેલીઓ વેઠવી પડે છે,

ધુવારણ ગામ આણંદ જિલ્લાના દક્ષિણ પશ્ચિમ દિશામાં આવેલો અંતિમ વિસ્તાર ગણાય છે. છતાં આજદિન સુધી ખેતરો સુધી સિંચાઈ નહેરોની સુવિધા પહોંચી નથી. પરિણામે ખેડૂતો માત્ર ચોમાસાની ઋતુમાં વરસાદી પિયત પર નિર્ભર રહે છે અને વરસાદી પાણીના આધારે જ વાવેતર કરી શકે છે. રવિ અને ઉનાળુ પાક માટે પાણી ઉપલબ્ધ ન હોવાથી વર્ષનો મોટો સમય ખેતી બિનઉત્પાદક રહે છે. ખેડૂતોના મતે નર્મદા અથવા અન્ય સિંચાઈ યોજનાઓનો લાભ ગામ સુધી પહોંચાડવામાં આવે તો ખેતીમાં નોંધપાત્ર પરિવર્તન આવી શકે.

ધુવારણ ગામ પાસે વિશાળ દરિયાકિનારો, પ્રાકૃતિક સૌંદર્ય અને પૌરાણિક મહત્વ ધરાવતા મંદિરો તથા ઐતિહાસિક સ્થળો હોવા છતાં પર્યટન વિકાસ માટે કોઈ નિર્ણાયક સરકારી પહેલ થઈ નથી. યોગ્ય આયોજનથી દરિયાકિનારાને પર્યટન કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવે તો સ્થાનિક યુવાનોને રોજગારી, નાના વેપારીઓને આવક અને ગામને નવી ઓળખ મળી શકે તેમ છે. સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો દ્વારા પીવાના મીઠા પાણીની સ્થાયી યોજના, સિંચાઈ નહેરોની સુવિધા, દરિયાકાંઠા સંરક્ષણ તેમજ પર્યટન વિકાસ માટે વિશેષ પેકેજ જાહેર કરવાની માંગ ઉઠાવવામાં આવી છે. ધુવારણની ભૌગોલિક વિશિષ્ટતાને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા સંકલિત વિકાસ યોજના અમલમાં મુકાય તેવી ગ્રામજનોએ પ્રબળ માંગ વ્યક્ત કરવામાં આવી છે.

## જી.ઈ.બી.ની શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ મેળવી અનેક યુવાનોએ કારકિર્દી ઉજ્જવળ બનાવી




ધુવારણ ખાતે વિદ્યુત ઉત્પાદન કેન્દ્ર શરૂ થયા બાદ વર્ષ ૧૯૬૬માં ગુજરાત ઇલેક્ટ્રિસિટી બોર્ડ (GEB) દ્વારા કર્મચારીઓના બાળકો તેમજ સ્થાનિક બાળકોને શિક્ષણની સુવિધા મળે તે માટે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની શરૂઆત કરવામાં આવી હતી. તે સમયગાળામાં ગ્રામ્ય વિસ્તારમાં ગુણવત્તાસભર શિક્ષણની આવી વ્યવસ્થા ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવતી હતી અને સમગ્ર વિસ્તારમાં શિક્ષણ પ્રત્યે નવી જાગૃતિ ફેલાઈ હતી.

જી.ઈ.બી. સંચાલિત શાળાઓમાં માત્ર પાઠ્યપુસ્તક આધારિત શિક્ષણ પૂરતું મર્યાદિત ન રહી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવતો હતો. નિયમિત હાજરી, સમયપાલન, શિસ્ત, પ્રયોગાત્મક અભ્યાસ, વિજ્ઞાન શિક્ષણ, રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને નૈતિક શિક્ષણને શિક્ષણ પદ્ધતિનો અભિન્ન ભાગ બનાવવામાં આવ્યા હતા. શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે વ્યક્તિગત સંપર્ક જાળવી તેમની ક્ષમતાને ઓળખવાનો પ્રયાસ કરતા હતા. આ કારણે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, જવાબદારીની ભાવના અને સ્પર્ધાત્મક વલણ વિકસ્યું હતું. સ્થાનિક વડીલો જણાવે છે કે પાવર સ્ટેશન શરૂ થયા બાદ ગામમાં શિક્ષણનું વાતાવરણ જ બદલાઈ ગયું. અગાઉ મર્યાદિત શૈક્ષણિક તકો ધરાવતા પરિવારોના બાળકોને પણ ગુણવત્તાસભર શિક્ષણ પ્રાપ્ત થવા લાગ્યું. વાલીઓમાં જાગૃતિ વધતાં વધુ બાળકો શાળામાં જોડાયા અને ઉચ્ચ અભ્યાસ તરફ તેમનું વલણ મજબૂત બન્યું. ધીમે ધીમે ધુવારણ આસપાસના ગામો માટે પણ શિક્ષણનું પ્રેરણાકેન્દ્ર બની ગયું.

આજે ધુવારણ ગામના અનેક યુવાનો સ્નાતક અને અનુસ્નાતક સુધી અભ્યાસ પૂર્ણ કરી વિવિધ ક્ષેત્રોમાં સફળ કારકિર્દી બનાવી રહ્યા છે. ગામમાંથી સચિવ, પ્રોફેસર, એન્જિનિયર, ડોક્ટર, શિક્ષક, તલાટી, સૈનિક અને પોલીસ વિભાગમાં સેવા આપતા અધિકારીઓ અને કર્મચારીઓ ઉભા થયા છે. અનેક વિદ્યાર્થીઓ સરકારી તેમજ ખાનગી ક્ષેત્રમાં મહત્વપૂર્ણ હોદ્દા પર કાર્યરત રહી ધુવારણનું નામ ગૌરવભેર ઉજાગર કરી રહ્યા છે. ધુવારણની શાળાઓની વિશેષતા માત્ર ભણતર પૂરતી નથી; અહીંથી સમાજ પ્રત્યે જવાબદારીની ભાવના ધરાવતા નાગરિકો ઘડાયા છે. શિક્ષકોની સમર્પિત કામગીરી, વાલીઓનો સહકાર અને શિસ્તબદ્ધ શિક્ષણ પરંપરાએ ગામને આગવી ઓળખ અપાવી છે. ધુવારણની શાળાઓએ માત્ર અક્ષરજ્ઞાન આપ્યું નથી, પરંતુ પેઢીઓના જીવનમાં પ્રકાશ પાથરી સમગ્ર ગામના સામાજિક અને શૈક્ષણિક વિકાસનો મજબૂત આધારસ્તંભ ઉભો કર્યો છે.

## ધુવારણમાં પ્રાથમિક શિક્ષણ માટે ૧૮૪૨ના વર્ષમાં ધો ૧થી ૪ સુધીની શાળાની શરૂઆત થઈ હતી

ધુવારણ ગામમાં ઈ.સ. ૧૮૪૨માં ધોરણ ૧થી ૪ સુધીની પ્રાથમિક શાળાની શરૂઆત કરવામાં આવી હતી. તે સમયગાળામાં ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણનો પ્રસાર અત્યંત મર્યાદિત હતો અને આવી શાળા સમગ્ર વિસ્તાર માટે શિક્ષણનું મહત્વપૂર્ણ કેન્દ્ર ગણાતી હતી.

સ્થાનિક વડીલો જણાવે છે કે તે સમયની શાળામાં મર્યાદિત સાધનો હોવા છતાં બાળકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનો મહત્વનો પ્રયાસ થયો હતો. બ્રિટિશ શાસનકાળ અને આઝાદીની ચળવળ પૂર્વે ગામડાઓમાં શિક્ષણ મેળવવાની તક બહુ ઓછી હતી, ત્યારે ધુવારણમાં શરૂ થયેલી આ શાળા પ્રગતિશીલ વિચારધારાનું પ્રતીક માનવામાં આવતી હતી.

આઝાદી બાદ સરકારની શિક્ષણ નીતિઓ અને ગ્રામ્ય શિક્ષણ પ્રત્યે વધતા જાગૃતિ અભિયાનના કારણે ધુવારણમાં પ્રાથમિક શિક્ષણ વધુ સુલભ બન્યું હતું. ગામના વિવિધ વિસ્તારોમાં નવી શાળાઓ શરૂ થતાં બાળકોને પોતાના વસવાટ નજીક શિક્ષણ મેળવવાની સગવડ મળી છે. હાલમાં ધુવારણ ગામમાં ત્રણ પ્રાથમિક શાળાઓ કાર્યરત છે અને તેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ગામની રત્નેશ્વર પે સેન્ટર ગૃપ શાળા આજે શિક્ષણ ક્ષેત્રે મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. અહીં પાંચસોથી વધુ બાળકો અભ્યાસ કરી રહ્યા છે અને ગુણવત્તાસભર શિક્ષણ સાથે વિવિધ સહપાઠ્ય પ્રવૃત્તિઓમાં પણ ભાગ લે છે. શિક્ષકોના પ્રયાસો, વાલીઓની જાગૃતિ અને ગ્રામજનોના સહકારથી શાળામાં શૈક્ષણિક વાતાવરણ મજબૂત બન્યું છે. એક સમયની નાની પ્રાથમિક શાળાથી શરૂ થયેલો ધુવારણનો શિક્ષણપ્રવાસ આજે નવી પેઢીના ઉજ્જવળ ભવિષ્યનું આધારસ્તંભ બની રહ્યો છે.




(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)